ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૦ ટકા

# શહેરમાં પોલિયો પલ્સ અભિયાનમાં રોટરી કલબ ઓતપ્રોત





પોલિયો મુકત ભારત કાર્યક્રમના મુખ્ય ભાગીદાર એવા રોટરી ઈન્ટરનેશનલના રોટરી કલબ ગાંધીનગર દ્વારા ઝુંપડપટ્ટી વિસ્તારમાં મોબાઈલ વાન દ્વારા ગોકુળપુરા, જીઈબી અને સે-૨૬ ઝુંપડપટ્ટીના વિસ્તારોમાં કાર્યકરોએ ઘુમીને ૪૦૩ બાળકોને પોલિયો ટીપાં પીવડાવ્યા હતાં.

બસ મારફતે આવતા પ્રવાસીઓના બાળકોને અને ગાંધીનગરથી બહાર જઈ રહેલા પ્રવાસીઓના ૩૯૦ બાળકોને પથિકાશ્રમ એસ.ટી.ડેપો ખાતે પોલિયોના બે ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

અક્ષરધામની મુલાકાતે આવેલા પ્રવાસીઓના ૨૦૦ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા.

દરેક બુથ ઉપર બાળકોને ચોકલેટ, નાના બોલ અને સીસોટી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રોટરી કલબ પ્રમુક એન.પી. પટેલ, પ્રોજેકટ ચેરમેન ડૉ. ગુંજન જૈન, આસી. ગર્વનર સમીર ત્રિવેદી, જશવંત ગાંધી, મહેન્દ્ર ભાવસાર, સુકેતુ મહેતા, પ્રશાંત પટેલ, રાહુલ મહેતા, કિરણ પટેલ, મેહુલ મહેતા, આશાબેન સરવૈયા, નીલેશ ગાંધી, દિનેશસિંહ ચાવડા, ડૉ. આલોક ગુપ્તા, જોય બક્ષી, મોતીસિંહ અટોદરીયા, નીતિન વાગલે, રાજેશ પ્રણામી, ડૉ. જગદીશ પટેલ, સુધીરકુમાર, કુલદીપ જૈન, દિપક બારોટ, ઉર્મિલ વેદ, સુરેન્દ્ર ઉપાધ્યાય, રોટરેકટરના પ્રમુખ શ્રેય સુધીરકુમારે જહેમત ઉઠાવી હતી. બ્રાઝીલ અને ડનમાર્કથી આવેલ વિદેશી યુવતીઓએ પણ ઝુંપડપટ્ટી વિસ્તારોમાં જઈ બાળકોને પોલિયોનાં બે ટીપાં પીવડાવ્યા હતા.

# દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગર દ્વારા સામાજિક જાગૃતિ કાર્યક્રમ



દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના સી.એસ.આર. વિભાગ દ્વારા તથા સર્વસ્વ નિર્માણ ટેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી અડાલજ ગામમાં જાતીય શિક્ષણ જેવા સુગાળવા વિષયમાં વધુ જાણકારી આપવાના હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. **STD, HIV, AIDS, UTI** જેવી બિમારીઓના વિષયમનાં વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. નિષ્ણાત તરીકે ગાંધીનગરના પ્રસિદ્ધ ગાયનેકોલોજિસ્ટ ડૉ. શિલ્પા ચૌધરીએ ઉપસ્થિત રહીને ગ્રામજનોનું માર્ગદર્શન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા તથા જગ્યાની વ્યવસ્થા બદલ શાળાએ ગામના સરપંચ શ્રીમતી કોકિલાબેન ઠાકોરનો વિશેષ રુપથી આભાર વ્યકત કર્યો હતો.

# 'સ્વાક'માં સંગીત સંધ્યા યોજાઈ





ગાંધીનગર, તા.૨૯

શહેરના સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડ દ્વારા ૨૮મીના રોજ વાયુ શકિત નગરમાં 'એક શામ વાયુ સેના કે નામ' સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંધ્યાના મુખ્ય મહેમાનોમાં એર માર્શલ આર.કે. ધીર, એર ચીફ કમાન્ડર સ્વાક ઉપસ્થિત રહ્યા હતા તથા બીજા મહાનુભાવો પણ આ સંધ્યામાં હાજર રહ્યા હતા. સંગીત સંધ્યાને મજેદાર બનાવવા અને સંધ્યામાં વધુ સુર પુરવા મુંબઈથી મનોરંજન માટે ગાયકો અનો સંગીતકારો બોલાવવામાં આવ્યા હતા ત્યારે વાયુસેનાના જવાનોએ પણ પોતાની અંદર છુપાયેલી શકિતઓની ઝાંખી કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રેક્ષકો અને પ્રોફેશનલ કલાકારોને કરાવી હતી અને સંગીત સંધ્યામાં પોતાની કલા પ્રદર્શિત કરીને સંધ્યામાં સાત સુર પુર્યા હતા.

# જાપાન ફેસ્ટિવલમાં ગાંધીનગરની ગુડિયાએ મન મોહ્યાં..!!



લે ગઈ દિલ... ગુડિયા જાપાન કી... આ ખ્યાતનામ ગીત તો બધાએ સાંભળ્યું જ હશે? જો કે હાલ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ઈન્ડો-જાપાન ફ્રેન્શીપ એસોસિએશન દ્વારા આયોજિત 'જાપાન ફેસ્ટિવલ' ઉજવવામાં આવી રહ્યો છે. આ ફેસ્ટિવલમાં જાપાનીઓને જાપાનની નહીં પરંતુ ગાંધીનગરની ગુડિયા એટલે કે ડૉલ તેમનું મન લોભાવી રહી છે.

જાપાન શબ્દ સાથે જ ગુડિયા કે ડૉલ શબ્દ જોડાયેલો છે. કેમ કે જાપાન વિશ્વભરમાં તેની ઉચ્ચતર કલાત્મક શૈલીવાળી ડૉલ મેકીંગ માટે સુપ્રસિધ્ધ છે. એટલે જ તો જયારે ગુડિયાની વાત આવે ત્યારે બધા જાપાની ગુડિયા સાથે જ સરખાવે છે. જો કે ગાંધીનગરના કલાશ્રી ડૉલ્સના કલાકાર હરિન ભટ્ટ દ્વારા તૈયાર કરાયેલ ડૉલ્સ પણ વિશ્વ સ્તરે ખ્યાતિ પામી રહેલ છે. કલાશ્રી સંસ્થા ભારતભરમાં આર્ટ ડૉલ મેકીંગમાં ખૂબ પ્રતિષ્ઠાભર્યું સ્થાન ધરાવે છે. હાલ અમદાવાદમાં ચાલી રહેલા ઈન્ડો-જાપાની ફ્રેન્ડશીપ એસોસિએશનના 'જાપાન ફેસ્ટિવલ'માં કલાશ્રી સંસ્થાની ડૉલ્સ ધૂમ મચાવી રહી છે. કલાશ્રી સંસ્થા દ્વારા વિદેશ મોકલવા માટે તૈયાર ડૉલ્સનો જથ્થો હાલ આ ફેસ્ટિવલ થકી ભવિષ્યમાં 'ગુજરાત'ને ભારતના જાપાનો દરજજો આપે તો નવાઈ નહીં!!



જીમખાનાનું નામ સંભળાય એટલે તંદુરસ્તી નજરે પડે અને બિમારી ભૂલી જવા અને એમાંય સ્વીમીંગ પુલની મજા તો કંઈક અલગ જ હોય છે ત્યારે સેકટર-૧૯ના જીમખાનામાં સ્વીમીંગ પુલ મજા આપવાની જગ્યાએ સજાનું કેન્દ્ર બની ગયું છે. સે-૧૯ના વસાહતીના ગટરના પાણી ઉભરાઈ આ સ્વીમીંગ પુલમાં જમા થાય છે અને આજુબાજુમાં રહેતા નિર્દોષ નાગરિકો એનો ભોગ બને છે. આજુબાજુના વીવીઆઈપી વસાહતીઓને બિમારીનો ભોગ ન બનવું પડે તે માટે જીમખાનામાં પણ તેઓએ જાણ કરી હતી પરંતુ જીમખાના તરફથી કોઈ પગલાં હજુ સુધી લેવાયા નથી ત્યારે આજુબાજુના વીવીઆઈપી નાગરિકો આ સમસ્યાથી તંગ આવી ગયા છે અને જલ્દીથી કોઈ પગલાં લેવાય તેની કાગડોળે રાહ જોઈ રહ્યાં છે.

# એટલે જ તો ભારતીય સૈન્ય વિશ્વભરમાં સૌથી બહાદુર ગણાય છે



સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

## ગાંધીનગરના બે સગા ભાઈઓએ એક જ દિવસે નૌકાદળમાં જોડાઈ ઈતિહાસ રચ્યો : ઈન્ડિયન નેવીમાં પણ પ્રથમ ઘટના : વાવોલના સાવન વર્મા અને અંકુશ વર્મા શહેરના યુવાનો માટે પ્રેરણારૂપ

ગાંધીનગર, તા.૨૯

હજુ ચાર દિવસ પહેલા જ ભારતે તેનો ૬૮મો પ્રજાસત્તાક દિન ધામધૂમથી ઉજવ્યો અને નવી દિલ્હી ખાતે ૨૬મી જાન્યુઆરીની પરેડમાં આપણા શસ્ત્ર દળોએ જે શકિત પ્રદર્શન કર્યું તેનાથી દરેક દેશવાસીની છાતી ગર્વથી ફુલી ગઈ. જો કે ભારતની ખરી શકિત આ આધુનિક ઉપકરણોને કારણે નથી પરંતુ દેશના એ પરિવારોનાં કારણે છે જે પોતાના લાડકવાયાઓને કૂમળી વયથી જ દેશદાઝથી એટલા તરબતર કરી મૂકે છે કે તેઓ પોતાની યુવાની ભારતમાતાના ચરણોમાં સમર્પિત કરી દે છે. ગાંધીનગરના આવા જ એક હિન્દી ભાષી પરિવારના બે લાડકવાયાઓએ તાજેતરમાં જ ભારતીય નૌકાદળમાં એક જ દિવસે જોડાઈ અનોખો ઈતિહાસ રચ્યો છે.

ગાંધીનગરના વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટ ખાતે રહેતા પવનકુમાર વર્મા મૂળ હરિયાણાના નાનકડા ગામ ઉચાલા ખુર્દના વતની છે. તેમના ગામમાં તેઓ પહેલા યુવાન હતા કે જે સંરક્ષણદળમાં જોડાયા હોય. વીસ વર્ષ સુધી તેમણે એરફોર્સમાં દેશભરમાં વિવિધ સ્થળે સેવાઓ આપ્યા બાદ તેઓ છેલ્લે ગાંધીનગર સેટલ થયા હતા. વર્ષ ૨૦૦૮માં એરફોર્સની નોકરી પુરી થયા પછી તેઓ ગાંધીનગરની કડી વિશ્વ વિદ્યાલય કેમ્પસની એક કોલેજમાં આસીસ્ટન્ટ પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી રહ્યા હતા. આ દરમિયાન તેમની ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટમાં પસંદગી થતા તેમાં જોડાયા હતા. પવનકુમારને સંતાનોમાં ભગવાને બે દિકરા જેમાં મોટો સાવન વર્મા અને નાનો અંકુશ વર્મા. પિતા પવનકુમાર અને માતા કમલાદેવીએ બંને દિકરાઓને બાળપણથી જ દેશભકિત જાણે ગળથુથીમાં પીવડાવી હતી. બંને ભણવામાં ખુબ હોંશિયાર અને રમતગમત સહિત અન્ય પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર રહેતા. સાવન અને અંકુશ બંને વચ્ચે ગજબની આત્મીયતા પણ હતી. બંને નાનપણથી જ એકબીજાના દોસ્ત બનીને મોટા થયા. કયારેક ઝઘડતા પણ ખરા પરંતુ થોડીકવારમાં બધુ ભૂલીને પાછા એક થઈ જતા. બંનેને એકબીજા વગર ચેન ના પડે. સાવન સ્વભાવે શાંત પરંતુ અંકુશ થોડો એગ્રેસીવ. સાવન સ્પોર્ટસમાં આગળ તો અંકુશ ઈતર પ્રવૃત્તિમાં. સાવન તેના કેન્દ્રિય વિદ્યાલયની વોલીબોલ ટીમના કેપ્ટન તરીકે રાષ્ટ્રીય કક્ષાએ રમતો તો અંકુશ ગણિતમાં તેજ હોવા સાથે 'યુથ પાર્લામેન્ટ' પ્રવૃત્તિમાં રાષ્ટ્રીય કક્ષાએ મેડલ જીતી લાવે. બંને સ્કાઉટ ગાઈડમાં નેશનલ લેવલે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ચુકયા હતા. આ પ્રવૃત્તિઓના કારણે બંનેને વિદ્યાર્થી કાળથી જ ઘરથી દૂર અન્ય શહેરોમાં જઈને રહેવાનો પણ પુરતો અનુભવ પ્રાપ્ત થઈ ચુકયો હતો. સાવન વર્માએ પાટણની સરકારી એન્જિનીયરીંગ કોલેજમાંથી ઈલેકટ્રોનિક એન્ડ કોમ્યુનિકેશનમાં એન્જિનીયરીંગ કર્યું. જયારે અંકુશ વર્માએ શાળાકીય અભ્યાસ બાદ સુરત ખાતેની પ્રતિષ્ઠિત એસવીએનઆઈટીમાં આઈટીનું પ્રથમ સેમિસ્ટર પુરું કર્યું હતું. આ દરમિયાન તેણે એકવાર ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે યોજાયેલ એક કોન્ફરન્સમાં પસંદગી પામી ન્યુકિલયર એનર્જી વિષયે ધારદાર વકતવ્ય આપી અઢળક તાળીઓનો ગડગડાટ મેળવ્યો હતો. સાવનનું ઋજુ હૃદય હંમેશા તેના મિત્રોને મદદરૂપ થવા તૈયાર રહેતું એકવાર તો એણે એક મિત્રની માતાને પેરેલીસીસ હોવાથી રૂપિયા ચાર હજારની રોકડી મદદ આપતા પણ સ્હેજે ખચકાટ ન્હોતો અનુભવ્યો. અંકુશ વર્મા ભણવામાં ખૂબ હોંશિયાર હતો અને પોતાના મિત્રોને પણ ભણાવી મદદરૂપ બનતો હતો. એટલે સુધી કે તે પોતે ડિફેન્સની પરીક્ષાની તૈયારી કરતા બીજા મિત્રોને પણ પ્રેરિત કરી શિખવાડતો જેના કારણે તેના કેટલાક મિત્રો પણ ડિફેન્સમાં જોડાઈ શકયા હતા.

પિતા પવનકુમારની ખ્વાઈશ હતી કે તેઓ એરફોર્સમાં હતા તો તેમના બંને દિકરા પણ ડિફેન્સમાં જોડાય, એમાં પણ જો એક આર્મી અને એક નેવીમાં જોડાય તો એક ઘરમાં લશ્કરની ત્રણેય પાંખનો સુગમ સમન્વય સધાય. બંને દિકરાઓ પણ પહેલેથી જ ડિફેન્સમાં જોડાવા થનગની રહ્યા હતા એટલે તો અંકુશ વર્માએ તો નેવલ એકેડેમીમાં પ્રવેશ મળતા જ એસવીએનઆઈટીને અલવિદા કહી દીધું. અહીં તેણે પુરા ચાર વર્ષ તાલીમ મેળવી જયાં તેમને જેએનયુની એન્જિનીયરીંગની ડિગ્રી એનાયત કરવામાં આવી. આ દરમિયાન તેના મોટાભાઈ સાવન વર્મા કે જે પહેલાથી જ એન્જિનીયર હતા તેમણે પ્રવેશ મેળવી છ માસની ડિફેન્સની તાલીમ મેળવી લીધી. આ તાલીમ બાદ બંને ભાઈઓએ ડિફેન્સમાં જોડાવા માટેની સિવિલ સર્વિસ કમિશનની પરીક્ષા પણ આપી દીધી અને વિધીનો ખેલ જુઓ કે બંનેએ અલગ અલગ સમયે જોડાવા પરીક્ષા આપી હતી છતાં બંને ભાઈઓનું પરિણામ એક જ દિવસે આવ્યું હતું. બંને ભાઈઓની તા. ૨૬મી નવેમ્બર ૨૦૧૬ના દિવસે કેરળના કનૂર જિલ્લામાં એઝીમાલા ખાતે આવેલ પેયનૂર ઈન્ડિયન નેવલ એકેડેમી ખાતે ભારતીય નૌ સેનામાં લેફટેનન્ટ તરીકે પસંદગી કરવામાં આવી અને તેમના માતા પિતાના હસ્તે જ તેમના રેન્ક સ્ટાર લગાડવામાં આવ્યાં.




આ પરીક્ષામાં દેશભરમાંથી ૧૩૦૦ જેટલા ઉમેદવારોમાં સાવન વર્માએ બીજા નંબરે ક્રમાંક મેળવ્યો હતો જયારે અંકુશ વર્માએ પાસીંગ આઉટ પરેડમાં ફલેગ ઓફિસર કમાન્ડીંગ ઈન ચીફના હસ્તે મેડલ પ્રાપ્ત કર્યો હતો. ઈન્ડિયન નેવીના ઈતિહાસમાં કદાચ આ પ્રથમ ઘટના હતી કે જેમાં બે સગા ભાઈઓને એક જ દિવસે એક જ સ્થળે નેવીમાં સામેલ કરાયા હોય પોતાના વતન ઉચાલા ખુર્દ સાથે પણ લાગણીનો નાતો ધરાવતા આ બંને ભાઈઓના ગામમાં આ પ્રથમ પરિવાર હતું જેના બે સભ્યોએ તે પણ સગા ભાઈ એક સાથે ડિફેન્સમાં જોડાયા હોય. હાલ સાવન વર્માને મુંબઈ ખાતે એવિએશન બ્રાંચમાં જયારે અંકુશ વર્માને કોચી ખાતેની એકિઝકયુટિવ બ્રાંચમાં પોસ્ટીંગ અપાયું છે. પિતા પવનકુમારનું કહેવું છે કે ગ્રામીણ વિસ્તારના બાળકોમાં પણ ખુબ પ્રતિભા ભરેલી છે. જો તેમને યોગ્ય દિશા મળે તો આવા અસંખ્ય યુવાનો દેશની સેવામાં જોડાઈ શકે છે. તેમના બંને દિકરા એક જ દિવસે નેવીમાં જોડાયા તે તેમના ગામ તથા સમગ્ર પરિવાર માટે ગૌરવની બાબત છે. ખરેખર સલામ છે આવા માતા-પિતાને જેમના કારણે આપણા દેશનું લશ્કર દુનિયામાં સૌથી બહાદુર લશ્કરમાં સ્થાન મેળવે છે અને જેના કારણે કોઈ દુશ્મનની તાકાત નથી કે આપણી પ્રજાસત્તાકતાને પડકારી શકે.

પ્રતિભાવો આવકાર્ય : **samirtalod@yahoo.com**